# દિવાળી ઈફેક્ટ - મુંબઈથી સાબરકાંઠાને જોડતી ૧૧ થી વધુ લકઝરી બસના બુકીંગ ફૂલ

## તહેવારો સમયે ભાડામાં ૨૦૦ સુધીનો વધારો

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૫

દિપાવલીના તહેવારનું કાઉન્ટ ડાઉન શરુ થયું છે. નોકરી અને વ્યવસાય અર્થે બહાર વસવાટ કરતા પરિવારોએ હવે નવા વર્ષની ઉજવણી માટે વતનમાં આવવાની શરુઆત કરી છે જેથી સાબરકાંઠામાંથી નિયમિત મુંબઈ જતી ખાનગી લકઝરી બસોમાં ટ્રાફીક વધ્યો છે. હાલના સમયે મુંબઈ થી સાબરકાંઠાને જોડતી ૧૧ થી વધુ લકઝરી બસના બુકીંગ એક અઠવાડીયા સુધી હાઉલ થયા છે. જ્યારે તહેવારો સમયે ખાનગી લકઝરી બસના ભાડામાં પણ રુ ૨૦૦ સુધીનો વધારો થયો છે. એસ.ટી. નિગમની લાંબા રૂટની એસ.ટી. બસોમાં દિવાળીના તહેવારના કારણે ટ્રાફીકમાં ધરખમ વધારો થયો તેની સાથે હવે ખાનગી વાહન ચાલકોને પણ કમાણીની સીઝન શરુ થઈ છે. ખાસ કરીને લાંબા રૂટની ટ્રાવેલ્સની બસમાં હવે ધીરે ધીરે ટ્રાફીક વધ્યો છે. જ્યારે સાબરકાંઠા થી મુંબઈને જોડતી ખાનગી લકઝરી બસ હવે હાઉસ્ફુલ જોવા મળી રહી છે. એક અઠવાડીયા સુધી ટ્રાવેલ્સનાં એડવાન્સ બુકીંગ થઈ ગયાં છે. જિલ્લામાં ૧૧ જેટલી ખાનગી ટ્રાવેલ્સની લકઝરી નિયમિત રીતે મુંબઈના વિવિધ વિસ્તારોમાં પેસેન્જરોનું વહન કરી રહી છે. પરંતુ વર્તમાન દિવાળીના સમયે માત્ર મુંબઈથી સાબરકાંઠામાં આવતા મુસાફરોની સંખ્યામાં જબ્બર ઉછાળો આવ્યો છે. તમામ ટ્રાવેલ્સની બસમાં એડવાન્સ બુકીંગ થઈ ગયાં છે. જ્યારે મુંબઈ થી વાયા સાબરકાંઠા થઈ રાજસ્થાનના નાથદ્વારા જતી ૧૫ થી વધુ ટ્રાવેલ્સોમાં પણ ટ્રાફીક ચાર ગણો વધ્યો છે જેથી ટ્રાવેલ્સ સંચાલકોએ ટ્રાફીકને ધ્યાનમાં રાખી ભાડામાં રુ ૨૦૦ સુધીનો વધારો કર્યાનું જાણવા મળ્યું છે.



બાયડના ઘડુશીયામઠમાં છાશવારે પીવાના પાણીની સમસ્યા

# વારેણા રોડ ઉપર પાઈપલાઈન તૂટવાની પરંપરા જળવાઈ રહી

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૫

બાયડ પાલિકાના ઘશીયામઠ વિસ્તારમાં છાશવારે પીવાના પાણીની સમસ્યાથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. પાણી ન આપવાનું કારણ પણ પાલિકા દ્વારા જણાવાતું નથી જેથી મહિલાઓ માટે ઘરનું કામ કરવું કે પીવાના પાણીની રાહ જોવી..?? જેવી સ્થિતિ સામે આવી છે.

### પાણીની લાઈનમાં ભંગાણના કારણે અનિયમિતતા

બાયડ પાલિકાનો સંપર્ક કરતાં જણાવ્યું કે કોઈપણ કારણોસર વાણા રોડ ઉપર પાણીની પાઈપલાઈનમાં પંકચર પડતું હોવાથી ઘશીયામઠમાં પાણી વિતરણની વ્યવસ્થામાં એકાદ-બે વાર અનિયમિતતા થઈ છે. અન્ય દિવસોમાં નિયમિત પાણી આપવામાં આવે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ પાલિકાના વાણા રોડ ઉપર કોઈપણ કારણોસર ટાઉન હોલ તેમજ રેલવે ક્રોસીંગ પાસે પાણીનો પુરવઠો પૂરો પાડતી પાઈપલાઈનમાં ભંગાણ પડી રહ્યું છે જેના કારણે માત્ર ને માત્ર ઘડુશીયામઠના ગ્રામજનોને પાણી ક્યારે આવશે..?? તેને લઈને કાગડોળે રાહ જોવાની નોબત આવી છે. ગામમાં યોગ્ય પ્રેશરથી પાણી મળતું નથી અને પાણી આવે ત્યારે સમય પણ મોટાભાગે અનિયમિત જણાઈ રહ્યો છે. ૪૦૦ થી વધુ માનવ વસતી ધરાવતા બાયડ પાલિકા વિસ્તારમાં પાણીની વારંવારની સમસ્યાથી અનેક મહિલાઓ ત્રાસી ઉઠી છે. નિયમિત પાણીનો પુરવઠો નહીં મળે તો મોરચો માંડે તેવી દહેશત પણ સેવાય છે.

# પાલનપુરમાં ફાયર ફાયટરની સેવામા વધારો કરાયો

પાલનપુર તા.૧૫

પાલનપુર શહેરમાં અગ્નિ શમન સેવા સજ્જ કરવા રાજ્ય સરકાર દ્વારા ફાયર ફાયટર વિભાગને વધુ એક ૨૫ હજાર લીટર ની ક્ષમતા વાળા વોટર બ્રાઉઝરની ભેટ આપવામાં આવી છે જોકે અગાઉ એક નાનું અને બે મોટા વોટર બ્રાઉઝર ઉપલબ્ધ હતા.જે બાદ વધુ એક મોટું વોટર બ્રાઉઝર મળતા શહેરમાં અગ્નિ શમન માટે ચાર વાહનો ઉપલબ્ધ થવા પામ્યા છે. રાજ્યમા આગ લાગવા જેવી દુર્ગટનાઓમાં બચાવ કામગીરી માટે ફાયર ફાયટરની સેવા સજ્જ કરવા માટે વિવિધ નગરોમાં ફાયર ફાયટર શાખામાં અગ્નિ શમન સેવા માટે પૂરતા પ્રમાણમાં આધુનિક સુવિધાઓ થી સજ્જ સામગ્રીઓ વસાવવા માં આવી રહી છે જેમાં પાલનપુરમાં આગ જેવી કૂદરતી કે માનવ સર્જિત દુર્ગટનાઓમાં પહોંચી વળવા માટે ફાયર ફાયટર વિભાગને ૨૫ હજાર લીટર પાણી નું ક્ષમતા વાળું એક એક માળની ઊંચાઈ સુધી પહોંચી શકાય તેવા વોટર બ્રાઇઝર ફાળવવામાં આવ્યું છે.



સતત વરસાદથી ખેડૂતોનાં ગણિત ખોરવાયાં

# જિલ્લામાં વરસાદની મેરેથોન ઈનિંગથી કપાસના પાક ઉત્પાદનને માઠી અસર

## ૧ વિઘા દીઠ ૧૦ થી ૧૫ મણ ઉતારો ઘટ્યો

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૫

જિલ્લામાં કપાસની આવક શરુ થઈ છે પરંતુ વરસાદની મેરેથોન ઈનિંગ અને પાછોતરા વરસાદના કારણે ખેડૂતોનાં ગણિત ખોરવાયાં છે. ૧ વિઘા દીઠ ૧૦ થી ૧૫ મણનો ઉતારો ઘટતાં ખેડૂતોને બિયારણ અને દવાનો ખર્ચ પણ નિકળશે કે કેમ..?? તેવી આશંકા ઉભી થઈ છે. જિલ્લાના યાર્ડોમાં છેલ્લા ૩-૪ દિવસથી સિમિત કપાસની આવક મળી રહી છે જેમાં ખેડૂતોને કપાસની ગુણવત્તા પ્રમાણે ૨૦ કીલોગ્રામ દીઠ રુ ૧૭૦૦ થી ૨૦ના ભાવ મળી રહ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આ વર્ષે ખેડૂતોએ ૭૭,૧૩૭ હેક્ટર જમીનમાં કપાસનું વાવેતર કર્યું હતું અને સારા પાક ઉત્પાદન માટે ખાતર, બિયારણ સહિતનો પટ આપવાની સાથે ૧૨૦ દિવસ સુધી કપાસના પાકની માવજત કરવામાં કોઈ કસર છોડી ન હતી પરંતુ સતત વરસાદ અને પાછોતરા વરસાદમાં કપાસનો તૈયાર પાક ભીંજાઈ ગયો અને પાક ઉતારાને માઠી અસર પહોંચી છે. જિલ્લામાં અગાઉના વર્ષોમાં ૧ વિઘા દીઠ ૨૫ થી ૩૦ મણ ઉતારો આવતો હતો તેની સરખામણીએ સતત વરસાદની હાજરીથી કપાસના પાકમાં ૫૦ ટકા ઉતારો આવતાં ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે. આ વર્ષે કપાસના પાકને વરસાદના કારણે માઠી અસર થઈ છે અને બીજી બાજુ કપાસના એકંદરે સારા ભાવ મળતાં ખેડૂતોનાં હૈયાં કકડી રહ્યાં છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આ વર્ષે તા.૯ ઓક્ટોબર સુધી વરસાદની હાજરીના કારણે કપાસના પાક ઉત્પાદનને માઠી અસર પહોંચી છે અને હજુ પણ જો પાછોતરો વરસાદ વરસે તો ખેડૂતો આર્થિક રીતે બરબાદ થઈ જાય તેવી હાલત છે.



### ૫૦ ટકા ઉતારો ઘટયો - ખેડૂતો

અરવલ્લી જિલ્લાના ખેડૂતોએ જણાવ્યું કે આ વર્ષે કપાસના પાકનું સારું ઉત્પાદન થશે તેવી આશા હતી પરંતુ સતત વરસાદની હાજરીના કારણે પાક ઉત્પાદનને માઠી અસર પહોંચી છે. આ વર્ષે વિઘા દીઠ ૧૦ થી ૧૫ મણનો ઉતારો ઘટ્યાનું ખેડૂતો જણાવી રહ્યા છે જે હાલના બજાર ભાવ જોતાં વિઘા દીઠ ખેડૂતોને રુ ૧૭ હજારથી ૨૫ હજાર સુધીનું નુક્સાન ગણી શકાય.

# શામળાજીની રાજસ્થાન સરહદને જોડતી ચેકપોસ્ટ ઉપરથી વિદેશી દારૂની ખેપમાં વધારો

## અંતરીયાળ ચેકપોસ્ટ ઉપર પોલીસની ગેરહાજરી

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૪

રાજસ્થાન સરહદને જોડતી શામળાજીની અંતરીયાળ ચેકપોસ્ટ ઉપર દિવાળી પહેલાં વિદેશી દારૂની ખેપ ઘુસાડવામાં વધારો થયો છે. રતનપુર ચેકપોસ્ટ ઉપર પોલીસના સતત વાહન ચેકીંગના કારણે બુટલેગરોએ હવે શામળાજીને જોડતી ચેકપોસ્ટ ઉપર ધ્યાન કેન્દ્રીત કર્યા છે. નાના-મોટા વાહનોમાં સવારથી સાંજ સુધી લાખો રૂપિયાનો વિદેશી દારૂ ઘુસાડવામાં આવી રહ્યો છે પરંતુ ચેકપોસ્ટ ઉપર પોલીસના બદલે જી.આર.ડી. અને હોમગાર્ડના જવાનો કહેવા ખાતર ગોઠવી સંતોષ માની લેવામાં આવતાં બુટલેગરોને બખ્ખા પડ્યા છે.

સરહદી રાજસ્થાન, પંજાબ અને હરિયાણા રાજયમાંથી મોટાપાયે વિદેશી દારુ રાજયમાં ઘુસાડવા માટે શામળાજી સરહદનો વધુમાં વધુ ઉપયોગ વર્ષોથી થઈ રહ્યો છે. પોલીસનું કડક વાહન ચેકીંગ હોય કે પછી ચોક્કસ બાતમી હોય ત્યારે વિદેશી દારૂ ભરેલા વાહનો જપ્ત કરવામાં પોલીસને સફળતા મળતી હોય છે પરંતુ દિવાળીના તહેવારો સમયે દારુ ઘુસાડવાની પ્રવૃત્તિમાં ચાર ગણો વધારો થતો હોય છે જેથી પોલીસ મુખ્ય પ્રવેશદ્વાર ગણાતી શામળાજીની રતનપુર ચેકપોસ્ટ પાસે ફિલ્ડીંગ ભરતી ઉભી રહે અને બુટલેગરો અંતરીયાળ અન્ય ચેકપોસ્ટ ઉપરથી દારુ ઘુસાડવામાં સફળ થતા હોય છે. દિવાળીનું પર્વ નજીકમાં હોવાથી રાજયભરમાં વિદેશી દારુની માંગમાં જબ્બર ઉછાળો આવ્યો છે જેના કારણે દારુ ઘુસાડવા માટે બુટલેગરો રઘવાયા બની ગયા છે. શામળાજી સરહદે પોલીસના વાહન ચેકીંગમાં દારુ ભરેલાં વાહનો પકડાઈ જતાં હોવાથી દેડલી, બોરનાળા, કડવથ, બોબીમાતા, ચિતરીયા, ઓડ સહિતની ચેકપોસ્ટો ઉપર નજર દોડાવી દારુ ભરેલાં વાહનો રવાના કરવા માંડ્યાં છે. જ્યારે અંતરીયાળ ગણાતી આ ચેકપોસ્ટો ઉપર પોલીસની સુરક્ષા પ્રબંધ ઉભો કરવાને બદલે માત્ર હોમગાર્ડ અને જી.આર.ડી.ના જવાનોને કહેવા ખાતર ફરજ ઉપર મૂકી દેવામાં આવ્યા છે જેના કારણે બુટલેગરોને છૂટો દોર મળી ગયો છે. છેલ્લા કેટલાય વર્ષોથી અંતરીયાળ ચેકપોસ્ટો બુટલેગરો અને અસામાજીક તત્વો માટે સ્વર્ગ સમાન બની રહી છે ત્યારે પોલીસ આગામી તહેવારોને ધ્યાનમાં રાખી દારુ ઘુસાડવાની બદી ઉપર સાચા અર્થમાં અંકુશ લાવવા ઈચ્છે છે તો ઉપરોક્ત ૬ ચેકપોસ્ટ ઉપર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાય તો વિદેશી દારુ ભરીને આવતાં અસંખ્ય વાહનો જપ્ત થઈ શકે છે.

### ચેકપોસ્ટ ઉપર હોમગાર્ડ, જી.આર.ડી.ના જવાનો મૂકાયા છે – પી.એસ.આઈ.

શામળાજી પી.એસ.આઈ., વી.વી.પટેલે જણાવ્યું કે શામળાજીને રાજસ્થાન સરહદ સાથે જોડતી દેડલી, બોરનાળા, કડવથ, બોબીમાતા, ચિતરીયા, ઓડ સહિતની ચેકપોસ્ટ ઉપર દિવાળીને ધ્યાનમાં રાખી હોમગાર્ડ તેમજ જી.આર.ડી.ના જવાનો મૂકવામાં આવ્યા છે.

# જિલ્લામાં નવા વર્ષે રૂા. ૧૦, ૨૦, ૫૦નવી ચલણી નોટોની અછત રહેશે

## ખિસ્સામાં જૂની ચલણી નોટોથી કામ ચલાવી લેજો

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં દિવાળીના તહેવાર સમયે નવી ચલણી નોટોની બેક્રોમાં વધુ માંગ રહેતી હોય છે પરંતુ આ વખતે બેક્ર ગ્રાહકોએ નવા વર્ષે જૂની ચલણી નોટોથી કામ ચલાવું પડશે કેમ કે ખુદ બેક્રો પાસે રુ ૧૦, ૨૦ અને ૫૦ની નવી ચલણી નોટો આવે તેવી સંભાવના ખૂબ ઓછી હોવાનું જાણવા મળ્યું છે.

દર વર્ષે દિવાળીની ઉજવણી સમયે બોનસ અથવા તો કોઈ શુકનના સ્વરુપમાં નવી ચલણી નોટો આપવાની પ્રથા ચાલી આવી છે જેથી બેક્રોમાં આ સમયગાળા દરમ્યાન નવી ચલણી નોટોની મોટી માંગ રહેતી હોય છે. જિલ્લામાં તમામ બેક્રો પણ ગ્રાહકોની માંગને ધ્યાનમાં રાખી રીઝર્વ બેક્રમાંથી રુ ૧૦, ૨૦ અને ૫૦ની નવી ચલણી નોટોનો જથ્થો મંગાવી ગ્રાહકોને સાચવી લેતી હોય છે પરંતુ આ વખતે જિલ્લામાં ખુદ બેક્રોમાં જ નવી ચલણી નોટોની અછત ઉભી થવાના સંકેત બેક્ર કર્મચારીઓમાંથી મળ્યા છે. દિવાળીના તહેવારો નજીક હોવા છતાં રીઝર્વ બેક્ર દ્વારા હજુ સુધી બેક્રોને જરૂરીયાત મુજબની ચલણી નોટો મોકલવામાં આવી નથી. ગ્રાહકોએ અત્યારથી નવી ચલણી નોટોની પૂછપરછ બેક્રોમાં શરુ કરી પરંતુ નવી ચલણી નોટોની અછત હોવાના કારણે નિરાશ થવું પડ્યું છે.

જ્યારે આગામી સમયમાં પણ નવી ચલણી નોટો બેક્રો સુધી આવે તેવી કોઈ શક્યતા ન હોવાનું બેક્ર સૂત્રો બોલી રહ્યા છે જેથી આગામી દિવાળીના તહેવારોમાં બેક્રના ગ્રાહકોએ ખિસ્સામાં જૂની ચલણી નોટો રાખી કામ ચલાવવું પડશે તે નિશ્ચિત છે.

હિંમતનગરમાં પરણિત પુરુષને હનીપ્ટેપમાં ફસાવાતાં ફરિયાદ

# પ્રેમનું નાટક રચી નગ્ન હાલતમાં વિડીયો ઉતારી બ્લેકમેઈલીંગ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૧૫

હિંમતનગરમાં પરણિત પુરુષને પ્રેમજાળમાં ફસાવી નગ્ન હાલતમાં વિડીયો ઉતારી વાયરલ કરવાની સાથે બળાત્કારના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી પૈસા પડાવવાનું ષડયંત્ર બહાર આવ્યું છે. બનાવ અંગે હિંમતનગર બી-ડીવીઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

છેલ્લા કેટલાક દિવસોથી પરણિત પુરુષો સાથે વાતચીતના સબંધો કેળવ્યા પછી રુપલલનાઓ હની ટ્રેપમાં ફસાવતી હોવાની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. સાબરકાંઠાના પાટનગર હિંમતનગરમાં મહિલાઓના સૌંદર્ય પછી ઘેલા બનેલા અનેક મહાશયોને ફસાયા પછી મોટું સંતાડવાની ફરજ પડી છે. હિંમતનગરના બ્રહ્માણીનગર વિસ્તારની સોસાયટીમાં રહેતા દિલીપ જયરામભાઈ મૌર્ય સાથે હીનાબેન હૂસેનભાઈ શેખ અને રફીકમહંમદ હનીફભાઈ શેખે ભેગા મળી કાવતરું રચ્યું હતું જેમાં હીના શેખે પરણિત દિલીપ મૌર્યને પ્રેમજાળમાં ફસાવી મળવા માટે રુબરુ પોતાના ઘેર બોલાવ્યા હતા જેમાં રફીક શેખે મહિલાના પતિ તરીકેની ઓળખ આપ્યા પછી દિલીપ મૌર્યને ધમકી આપી કપડાં ઉતરાવી નગ્ન હાલતમાં વિડીયો ઉતારી લીધો હતો. જેમાં સોશ્યલ મીડીયામાં વાયરલ કરવાની ધમકી આપવાની સાથે મહિલાના કથિત પતિએ બળાત્કારનો ખોટો કેસ કરવાની વધુ એકવાર ધમકી આપી ર્પ તેમજ ગળામાં પહેરેલ અઢી તોલાનો સોનાનો દોરો પણ પડાવી લીધો હતો. આ ઉપરાંત રફીક શેખે પોતે પોલીસમાં હોવાની ખોટી ઓળખ ઉભી કરી ધાકધમકી દ્વારા મહિલા સાથે મળી વધુ ૧ લાખ રુ ની માંગણી કરી હતી જેથી હની ટ્રેપમાં ફસાયેલા પરણિત પુરુષે આખરે સમગ્ર હકીકત પરિવારજનો સમક્ષ વર્ણવી હતી અને પોતે પ્રેમજાળમાં ફસાયા પછી બ્લેક મેઈલીંગનો શિકાર બન્યાની હકીકત વર્ણવતાં પરિવારજનોએ પોલીસ ફરિયાદ આપવા માટે હિંમત આપી છે. બનાવ અંગે હિંમતનગર બી-ડીવીઝન પોલીસે પરણિત પુરુષને ફસાવનારા હીનાબેન હૂસેનભાઈ શેખ (રહે. હસનનગર, આવાસ યોજના, હિંમતનગર) અને રફીકમહંમદ હનીફ શેખ (રહે.આર.ટી.ઓ. સર્કલ પાસે, રહેમતનગર, હિંમતનગર) સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુર- ડીસા હાઈવે ઉપર વેપારીની ગાડીને આંતરી ૬ લાખની લૂંટ : લૂંટારું ટોળકી અંધારામાં પલાયન : પોલીસની તપાસ શરૂ

ડીસા, તા. ૧૫

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર- ડીસા હાઈવે ઉપર કુશકલ પાટિયા નજીક રાતના સમયે ડીસાથી આવી રહેલા એક વેપારીની ગાડી આગળ ઈકો ગાડી ઉભી કરી લૂંટારુઓએ વેપારીને નીચે ઉતાર્યો હતો. જોકે, વેપારીએ ઈકો ગાડીની નંબર પ્લેટ પર નજર મારતાં ઈકો ગાડીની આગળ પાછળ નંબર પ્લેટ ન હતી પણ ઈકો ગાડીમાંથી કેટલાક ઈસમો નીચે ઉતરી વેપારી નજીક જઈ મોઢા પર મરચાની ભૂકી નાખતા વેપારીને થોડા સમય માટે અંધાપો છવાઈ ગયો હતો અને કેટલાક ઈસમો લાકડી વડે વેપારીને માથાના ભાગે માર મારવા લાગ્યા હતા. તે દરમિયાન ગાડીમાંથી એક અન્ય ઈસમ ઉતરી વેપારીની સ્કોર્પીઓ ગાડીમાંથી ૬ લાખ ભરેલી બેગ ઉઠાવી ઈકો ગાડીમાં બેસી ગયો હતો. ત્યારબાદ ઈકો ગાડી લઈ ફરાર થઈ ગયો હતો.



જ્યારે વેપારીને મારી રહેલા બે ઈસમો હાઈવે પર રોડની બાજુમાં ખેતરોમાં દોડી ગયા હતા. બનાવની જાણ બનાસકાંઠા પોલીસને થતા એલ.સી.બી, એસ.ઓ.જી સહિત બનાસકાંઠા પોલીસ ઘટના સ્થળ પર તાત્કાલિક દોડી આવી હતી અને ઈજાગ્રસ્ત વેપારીને સારવાર માટે પાલનપુર ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંભોઈમાં ભાજપની ગૌરવ યાત્રા સમયે પોકેટમાર ગેંગે કૌતક બતાવ્યું...

## યુવાનોના ખિસ્સામાંથી રોકડ રૂપિયા અને મોબાઇલો ચોરાયાં... : મહિલાઓના ગળા માંથી સોનાના દોરા ચોરાયાં...: ભોજન સમયે ભારે ભીડનો પોકેટમાર ગેંગે લાભ ઉઠાવ્યો

ગાંભોઈ, તા.૧૫

હિંમતનગર તાલુકાના ગાંભોઈ ગામે શુક્રવારના રોજ ભાજપ પ્રેરિત ગુજરાત ગૌરવ યાત્રા દરમિયાન યોજેલ જાહેરસભા પૂર્ણ થયા બાદ મોડી સાંજે રાખેલ ભોજન વ્યવસ્થા સમયે સભામાં આવેલા લોકો અને ભાજપા કાર્યકરોની ભારે ભીડનો લાભ ઉઠાવી પોકેટમાર ગેંગે હાથ અજમાવતા ઘડીકવારમાં સિફતપૂર્વક ૧૪ યુવાનોના ખિસ્સામાંથી અંદાજે રૂપિયા પચાસ હજારની રોકડ રકમ તેમજ ચાર યુવાનોના સ્માર્ટ મોબાઈલોની તફડંચી કરી પોકેટમાર ગેંગ ફરાર થઈ ગઈ હતી. સભામાં આવેલા યુવાનો, ભાજપ કાર્યકરો અને મીડિયા કર્મીઓના પેન્ટના ખિસ્સામાં મુકેલ રોકડ રૂપિયા અને મોબાઈલ ગાયબ થયાનો અહેસાસ થતાં આ સમગ્ર ચોરીની ઘટના અંગે જાણ થયા બાદ લોકોમાં ભારે અફરાતફરી મચી જવા પામી હતી. આ ચોરીની ઘટના અંગે ૧૪ વ્યક્તિઓએ રૂ.પચાસ હજારની રોકડ રકમ અને ચાર સ્માર્ટ મોબાઈલ ચોરીની પોલીસમાં જાણવાજોગ નોંધ આપેલ છે. વધુમાં જાણવા મળેલ મુજબ ૧૦થી વધુ મોબાઈલ, રોકડ રકમ અને બહેનોના ગળામાં પહેરેલ સોનાના દોરા સહિત ચોરીનો આંકડો એક લાખથી વધુ હોવાનું કહેવાય છે ત્યારે હાલ પોલીસને મળેલ જાણવાજોગ નોંધના આધારે ગાંભોઈ પોલીસે ઊંડી તપાસ હાથ ધરેલ છે.

# પ્રાંતિજ ખાતે 'વણકર ગૌરવ યાત્રા'નું ભવ્ય સ્વાગત કરાયું

## સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા : યાત્રાનુ રાત્રી રોકાણ ગ્રીનપાર્ક-ઉમાં કરવામા આવ્યુ





પ્રાંતિજ તા.૧૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે "વણકર ગૌરવ યાત્રા " નું સમાજ ના લોકો દ્વારા ભવ્ય સ્વાગત કરવામા આવ્યુ હતો તો યાત્રા નુ રાત્રી રોકાણ પણ પ્રાંતિજ ખાતે કરવામા આવ્યુ હતુ. શ્રી ઉત્તર ગુજરાત વણકર સમાજ પંચ પરગણા મહાસંઘ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા આયોજીત "વણકર ગૌરવ યાત્રા સમગ્ર ઉત્તર ગુજરાત ના વિસ્તારો માં ભ્રમણ કરી પ્રાંતિજ ખાતે આવી પહોચતા પ્રાંતિજ શહેર વણકર મહાજનો તેમજ બાવનસો પરગણા સમાજ માંથી પધારેલ સમાજ સેવકો ધ્વારા ખુબજ હર્ષોલ્લાસ અને આનંદ ભેર ભવ્ય સ્વાગત કરવામા આવ્યુ હતુ ગૌરવ યાત્રા મા ઉપસ્થિત રહેલા મહાનુભાવો માં કરસનદાસ સોનેરી પૂર્વ કેબિનેટ મંત્રી , કે.કે.ચૌહાણ પૂર્વ છજી ઓફિસર તેમજ અન્ય ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા તેમજ ડૉ.અમરતભાઈ દ્વારા ગૌરવ યાત્રા હેતુ વિશે વિગતવાર માહિતી આપી હતી યાત્રાનુ રાત્રિ રોકાણ પ્રાંતિજ ગ્રીનપાર્ક-ઉ સોસાયટીમાં કરવામા આવ્યુ હતુ અને બીજા દિવસે આગળના નિર્ધારિત રૂટ મુજબ આગમન કર્યુ હતુ તો સમગ્ર વણકર સમાજ ના ઉત્સાહી સમાજ ના લોકો ઉપસ્થિત રહી ને કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.